


# એઆઈએમએના છઠ્ઠા એમએસએમઈ સંમેલનમાં મેક ઈન ઈન્ડિયા છવાયું

ભારત સરકારના એમએસએમઈ મંત્રાલય અને ગુજરાત સરકારના ટેકાથી ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન (એઆઈએમએ)એ આજે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) સાથે ભાગીદારીમાં અમદાવાદમાં તેના છઠ્ઠા રાષ્ટ્રીય એમએસએમઈ સંમેલનનું આયોજન કર્યું હતું.

ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન (એઆઈએમએ)એ એમએસએમઈ ક્ષેત્ર સાથે સંબંધિત નીતિગત મુદ્દાઓ ઉકેલવા વાર્ષિક એમએસએમઈ સંમેલન યોજીને એમએસએમઈની સ્પર્ધાત્મકતા વધારવાના પ્રયાસોનું નેતૃત્વ કર્યુ છે.

ગુજરાતના મુખ્ય સચિવ શ્રી જી આર અલોરિયાએ સંમેલનમાં ઉદ્ઘાટન પ્રવચન આપ્યું હતું. તેમાં તેમણે દેશમાં ઉત્પાદન ક્ષેત્રના વિકાસમાં એમએસએમઈનું મહત્ત્વ દર્શાવ્યું હતું. તેમણે ગુજરાત સરકારે રાજયમાં એમએસએમઈને પ્રોત્સાહન આપવા લીધેલા વિવિધ પગલાં પણ જણાવ્યાં હતાં.

આ પ્રસંગે શ્રી રાજીવ વાસ્તુપાલે કહ્યું હતું કે, છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન એમએસએમઈ સંમેલન એઆઈએમએની એક અતિ મહત્ત્વપૂર્ણ પહેલ છે. આ સંમેલન મારફતે અમે સરકાર, ધિરાણકારો, ટેકનોલોજી પ્રોવાઈડર્સ અને સૌથી મહત્ત્વપૂર્ણ આ દરેકને એકબીજા સાથે આદાનપ્રદાન પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

ગુજરાતના એમએસએમઈ સેક્ટરના ફાળા વિષે વાત કરતા શ્રી અરવિંદ અગરવાલે જણાવ્યું કે, ગુજરાતનો એમએસએમઈ ઉદ્યોગ ભારતીય અર્થતંત્રનો આધાર સમાન છે.

ડો. જે. એસ. જુનેજાએ કહ્યું હતું કે, એમએસએમઈએ જૂનાં પરંપરાગત મોડલ છોડી દેવા જોઈએ અને નવો અભિગમ અપનાવવો જોઈએ. તેમણે તેમની દ્રષ્ટિ વ્યાપક બનાવવાની અને નવીનીકરણ, ટેકનોલોજી તથા માર્કેટિંગની નવી પદ્ધતિઓ પર વધારે ભાર આપવાની જરૂર છે.

અમદાવાદ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન પ્રોફેસર પંકજ ચંદ્ર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજર શ્રી સંજીવ નૌટિયાલ, સિડબી લિમિટેડના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રમોદ વિજયવર્ગીય, નેશનલ ઈન્નોવેશન ફાઉન્ડેશનના ચીફ ઈન્નોવેશન ઓફિસર ડો. વિપિન કુમાર, વાઘબકરી ગ્રૂપના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી પરાગ દેસાઈ, ઝાયડસ કેડિલાના ઈમર્જિંગ માર્કેટ્સના પ્રેસિડન્ટ શ્રી અશોક ભાટિયા, ઈડીઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લા, હર્ષા એન્જિનીયર્સ લિમિટેડના શ્રી રાજુ શાહ, કંડલા એનર્જી એન્ડ કેમિકલ લિમિટેડના એમડી શ્રી સંજય રાય, વસા ફાર્માકેમના એમડી ડો. જયમિન વસા, ઈન્ડિયાએસએમઈ ફોરમના પ્રેસિડન્ટ શ્રી વિનોદ કુમાર, વાઈબ્રન્ટ ગુજરાત એડવાઈઝરી બોર્ડના કોર્પોરેટ સલાહકાર અને સભ્ય શ્રી સુનિલ પારેખ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત અને નાગાલેન્ડ યુનિવર્સિટીના ચાન્સેલર પ્રોફેસર યોગિન્દર કે અલઘ, ઈન્ડિયન ડ્રગ્સ મેનુફેક્ચર્સ એસોસિએશન (ગુજરાત ચેપ્ટર)ના ચૂંટાયેલા પ્રેસિડન્ટ વિરંચી શાહ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ગુજરાત કેમિકલ એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ શૈલષ પટવારી, હેસ્ટર બાયોસાયન્સીસના સીઈઓ અને એમડી રાજીવ ગાંધીએ વિવિધ ટેકનિકલ સત્રોનું સંબોધન કર્યુ હતું.